# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આપખૂદીનો એરૂ આપ્તજનો ન ડસી ગયો!
ને સત્તાનો સ્વાર્થ જૂના સંબંધોને ગ્રસી ગયો!
પેસી ગયો ગઢમાં ગાબડાં પાડીને ભાજપ -
ચીખો, હાક-ધાક-ડણકે અવાજ બેસી ગયો!

## હાઈકુ

છટકી ગ્યું'તું -
લ્યો! પૂરાયું પાંજરે -
જેલનું પંખી...
(ચૌટાલા પરત)

સમજે છે એ -
ભાષા, બંદૂકની જ!
- બોલતી બંધ..
(સીમા શાંત)

## ચિંતન

**પઠતો નાસ્તિ મૂર્ખત્વં જપતો નાસ્તિ પાતકમ્ । મૌનિનઃ કલહો નાસ્તિ ન ભયં ચાસ્તિ જાગ્રતઃ ॥**

ભણનાર-વિદ્યા અભ્યાસ કરનારને કદાપિ 'મૂર્ખપણૂં રહેતું નથી, વિચારપૂર્વક કામ કરનાર કે નિર્ણય કરનારનું કદી પતન થતું નથી. મૌન રહેનારને કદી કોઇ સાથે કંકાસ થતો નથી અને જાગ્રત-સાવધાન-સચેત રહેનારને કદી ભય ઉત્પન્ન થતો નથી.'

વિદ્યા અભ્યાસ એ સરસ્વતીની એક પ્રકારે ઉપાસના જ છે. કોઇ પણનો વિદ્યા અભ્યાસથી જે તે વિષયનું તો જ્ઞાન મળે જ છે પરંતુ સાથે સાથે બીજો પણ બૌદ્ધિક-માનસિક થાય છે તેથી મૂર્ખપણું રહેતું નથી.

વિચારપૂર્વક - આયોજનથી પૂર્વા-પરનો પરિણામ અહિતનો - અને પ્રત્યાઘાતનો પણ વિચાર કરીને જ કામ-સાહસ કરનારને કદી પશ્ચાતાપ કરવો પડતો નથી - પતન થતું નથી.

વાદ-વિવાદ-ચર્ચા-દલીલોના સત્યાસત્યમાં ઉશ્કેરાટ આવી જવાનો પૂરો સંભવ છે એના કરતાં 'મૌન' રહેવું સારું-કારણ કે અણસમજુ માણસો જ ચર્ચા-વિવાદ ઉભા કરે છે એ પોતાનાં સત્યોમાં બાંધછોડ કરી શકતાં નથી. તેથી મૌન રહેવાથી કંકાસ થતો નથી.

જે સાવચેતી પૂર્વક-જાગૃત રહીને કામ કરે છે તેને કદી કોઇ પણ વાતનો ભય રહેતો નથી.

## સુવિચાર

- પથ્થરમાંથી જેને ફૂલ થતાં આવડે નહીં... તેને જીવનમાં ક્યાંય સુગંધો જડે નહીં - **મુસાફિર પાલનપુરી**
- તમે વ્યર્થ મૃત્યુ સામે લડો છો.. જુઓ પાનખરનાં પર્ણો કેવી સરળતાથી ખર્યા - **જય અમીન**
- વટ નહીં કાઢો તો વળ ચઢશે.. - **જ્ઞાનસૂત્ર**
- 'પૂજા' એટલે પ્રભાવ જોઇને જે કરવામાં આવે.. અને સ્વભાવ જોઇને જે કરાય તે 'સેવા' - **માનસ સૂત્ર**
- પૈસા ઘર સુધી આવશે.. સ્વજનો સ્વમાન સુધી આવશે.. જયારે કર્મ તો ભવોભવ સુધી સાથે આવશે - **જનકલ્યાણ**
- 'સમય' નો કદી અભાવ નથી હોતો.. પણ એ સમય દરમિયાન શું કરવું, કામ કેવી રીતે કરવું એની સમજનો અભાવ હોય છે - **સમયસૂત્ર**
- સખત મહેનત કર્યા વિના સફળતા પામવાની ઇચ્છા રાખવાનો અર્થ એ છે કે બીજાના ખેતરમાં જઇ પાક લણી લેવાનો ઇરાદો રાખવો - **સ્પેનિશ કહેવત**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ ગુજરાતના યુવાનો પણ જેહાદ અને કટ્ટરતાના ઝનૂનથી આતંકવાદી જોડાવા લાગ્યા છે. નાનપણથી ધર્મઝનૂનના પાઠે એમની વિચારશક્તિ અને મનને યાંત્રિક બનાવી નાખ્યાં હોય છે એમનું મન યંત્રવત્ કામ કરે છે ધર્મ ઝનૂન અને વિસ્તારવાદ આ પાયા પર જ ઊભાં છે. નેપોલિયન-હિટલર અને સરમુખત્યારો આ થિયેરીનો લાભ લેતા હોય છે.

વિલિયમ જેમ્સ મોટા મનોવૈજ્ઞાનિક હતા એમની સાથે એક મિત્રની ચર્ચા ચાલતી હતી. ત્યારે વિલિયમે કહ્યું, 'તમારાં મનને તાલીમ અને એકનો એક વિચાર ઠસાવી યાંત્રિક બનાવી શકાય-કટ્ટરવાદ (પછી તે કોઇ પણ ધર્મનો હોય!) સરમુખત્યારી આ બેઝ પર કામ કરે છે.'

મિત્ર એ શંકા વ્યક્ત કરી મનને યાંત્રિક કેમ બનાવી શકાય - એ અશક્ય છે! હું સહમત ન થઇ શકું!

આ ચર્ચા લશ્કરી હોટેલમાં ચાલતી હતી. વેઇટર નિવૃત્ત સૈનિક હતો. એ ટ્રેમાં 'ચા' ની કીટલી વગેરે કપ-રકાબી સામાન લઇને એમની ટેબલ તરફ જ આવતો હતો. ત્યાં વિલિયમ તરત ઊભા થયા અને બૂમ પાડી આદેશ આપ્યો. 'એટેન્શન.'

અને વેઇટર સૈનિકના હાથ સીધા થઇ ગયા. ચા-કીટલી જમીન પર પછડાયા... વિલિયમે મિત્રને કહ્યું જોયું ને મનની યાંત્રિકતાનો પ્રભાવ...

Email - sureshchandrabhatt18@gmail.com

# પૂ. ગાંધીજી... તું પ્યાર કા સાગર હૈ, તેરી ઈક બુંદ સે પ્યાસે હમ...

## ... જે પીડ પરાઈ જાણે રે... 'કલાગુર્જરી' દ્વારા સતત આઠમે વર્ષે ગાંધી પ્રિય ભજનો, ગાંધી સાહિત્ય અને ગાંધી વિચારધારાને જીવંત રાખવાના કાર્યક્રમ દ્વારા ગાંધી જયંતિએ ગાંધીજીને સ્વચ્છ અને સાદગીસભર શ્રદ્ધાંજલિ

મહાત્મા ગાંધી ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકાના નટાલ વિસ્તારમાં એક ભારતીય ફર્મ દાદા અબ્દુલ્લા એન્ડ કંપનીમાં એક વર્ષ કામ કરવાનો કરાર કર્યો. દક્ષિણ આફ્રિકાની કાળા ગોરાની ભેદભાવની નીતિનો ગાંધીજી ભોગ બન્યાં. ફર્સ્ટ કલાસની ટિકીટ હોવા છતાંય એમને થર્ડ કલાસમાં તગેડી મુકવામાં આવ્યાં. અને એમનું ન માનતાં સામાન્ સાથે ટ્રેનમાંથી ધક્કો મારી કાઢી મુક્યા. અને આ પ્રશંગથી ગાંધીજી રંગભેગની નીતિ સામે સત્યાગ્રહે ચઢ્યા.



એક વર્ષના વસવાટ બાદ એટલે કે ૧૮૯૪માં તેઓ ભારત પરત ફર્યા એ વાતને આજે બરાબર ૧૦૦ વર્ષ પૂર્ણ થયા. તેઓ પરત ફરીને પ્રતિષ્ઠિત કોંગ્રેસી નેતા ગોપાળ કૃષ્ણ ગોખલેનો સંપર્કમાં આવ્યા. અને ત્યારથી સામાન્ય જનતાના પ્રશ્નો ઉપાડવામાં અને અન્યાય સામે લડવામાં એમણે નેતૃત્વ સ્વીકારી લીધું... ગાંધીજી જયારે દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યાં તે ક્ષણે લેવાયેલી કસ્તુરબા સાથેની તસ્વીર અને એ પછી એમણે સ્વીકારેલા આશ્રમ જીવનની યાદ અપાવતી પાલડી સ્થિત કોચરબ આશ્રમની તસવીર વચ્ચે ગાંધી જયંતિએ... જે પીડ પરાઈ જાણે રેની સ્ટેજ સજ્જા શોભાયમાન હતી...



ઉઘડતે પડદે
—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

કલાગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે નવરાત્રિનો મહોલ અને એમાંય દુર્ગાષ્ટમીનો દિવસ હોવા છતાં ગાંધીજીને ભાવાંજલિ અર્પવા આવેલા સૌને નમન કરી સ્વાગત કર્યું. ગાંધીજી આફ્રિકાથી પરત આવ્યાંનાં ૧૦૦ વર્ષની સ્મૃતિમાં આજનો કાર્યક્રમ સમર્પિત છે. એવી રજૂઆત મહેન્દ્ર ત્રિવેદીએ કરી, રાષ્ટ્રીય સફાઇ અભિયાનની વાત કરી માત્ર આજના દિવસ પુરતી જ સફાઇ ન કરીએ પણ સફાઈને આપણે રોજીંદા જીવનનો ભાગ બનાવવાનો સંકલ્પ કરીએ અને શિશાપેનની જેમ સાવરણી પર ગૌરવથી ઉપાડીએ એવો દમદાર ટકોર સાથે ગાંધીપ્રિય ગીતોનો કાર્યક્રમ શરૂ કરાવ્યો...



'અય માલિક તેરે બંદે હમ, ઐસે હો હમારે કરમ' ફિલ્મ દો આંખે બારહ હાથ, ભરત વ્યાસના શબ્દો અને વસંત દેસાઈનું સંગીત, લતાનું આ ગીત એટલે પ્રાર્થનાનો પર્યાય... 'પાયોજી મેંને રામ રતન ધન પાયો' આ ભજન વિ.ડી. પલુસકર, ભીમસેન જોશી અને લતા દરેક અલગ દોરમાં ગાયું છે જે આટલાં વર્ષેય સીધું દિલમાં ઉતરી જાય છે... બંને સુંદર રચના સાથે ગાંધીજીને સંગીતમય શ્રદ્ધાંજલિ અર્પવાની શુભ શરૂઆત થઈ...

આજના આ કાર્યક્રમમાં રફીના અવાજના વારસદાર જેવા બંકીમ પાઠક, ગુજરાતની લતા વર્ષા કુલકર્ણી અને વોઈસ ઓફ મુકેશ તરીકે રાજેન્દ્ર ઓઝા એમનાં મધુરા અવાજનું રસપાન કરાવતાં હતા... 'ગોપી' ફિલ્મનું મો. રફીનું ગાયેલું 'સુખ કે સબ સાથી દુઃખ મેં ના કોઈ, મેરે રામ...' મન્નાડેનું ગાયેલું 'સીમા'નું શંકર - જયકિશન - શૈલેન્દ્રનું દર્દીલું ગીત 'તું પ્યાર કા સાગર હૈ, તેરી ઈક બુંદ સે પ્યાસે હમ'.... જાણે કે ગાંધીજી માટે જ ગવાતું હોય એવું લાગતું હતું...

'અંકુશ' ફિલ્મનું કુલદીપસિંગની શ્રેષ્ઠ સંગીતમય રચના ''ઇતની શક્તિ હમે દેના દાતા, મનકા વિશ્વાસ કમજોર હોના'' અને 'સત્યમ-શિવમ્ સુંદરમ્'ની શિર્ષક ગીત લક્ષ્મીકાન્ત-પ્યારેલાલનું સંગીતનો એક અંતરો 'ઈક સૂર્ય હૈ, એક ગગન હૈ, એક હી ધરતીમાતા, દયા કરો પ્રભુ એક બને સબ' બિલકુલ ભાવવાહી બની રહ્યો... 'બડી દેર ભઈ, અપનોં કે ખબર મોરે રામ,', 'કહાં જા રહા હૈ તું એ જાનેવાલે, અંધેરા હૈ મનકા દિયા તો જલાલે' 'જીન કે હૃદય શ્રીરામ બસે, ઔરન કો નામ લિયો ના લિયો' બધી જ રચના કાર્યક્રમને અનુરૂપ બની રહી...

'આજ ખરું અવતરવાનું કરો તો પ્રભુ જાણું, કંઈકને તાર્યા, કંઈકને માર્યા અને ધર્યા તમે વિધ વિધ અવતાર...' ઊંચી મેડી તે મારા સંતની, મેં તો માણી ન જાણી રાજ...' ઊંચા ગજાના સંત ગાંધીજી માટે જેટલા શબ્દોનાં આભૂષણ લગાડો એટલાં ઓછા... 'જાગૃતિ' ફિલ્મનું હેમંતકુમારનું સંગીતબદ્ધ ગાંધીજીને અર્પણ કરાયેલું ગીત 'દેદી હમે આઝાદી બિના ખડગ બીના ઢાલ, સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ...' કમાલનું રહ્યું.

'અમર' ફિલ્મનું નૌશાદનું સંગીત 'ઈન્સાફ કા મંદિર હૈ યે ભગવાન કા ઘર હૈ, કહેના હે જો કેહ દે તુજે કિસ બાત કા ડર હૈ...' 'ખાનદાન'નું રવિ-રાજેન્દ્ર ક્રિશ્નનનું ગીત 'બડી દેર ભઈ નંદલાલા, તેરી રાહ તકે બ્રિજબાલા, ગ્વાલ-ગ્વાલ ઈક ઈક સે પૂછે કહાં હૈ મૂરલી વાલા રૈ...' બંને રફીના ગીતો હોવાથી માણવા જેવાં રહ્યાં...

'આપણા સૌને હરતાં-ફરતાં પિંજરા, નહીં આરો કે નહીં ઓવારો કેવો સંસાર સાગર ખારો...' 'દુઃખ હરો દ્વારકાનાથ શરણમેં તેરી, યહી સુના હૈ ધીનબંધુ તુમ સબકા દુઃખ હરો...' 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો...'ત્રણેય ગુજરાતી ભજનો એકબાદ એક આવ્યા...

૩૦મી જાન્યુઆરીએ મહાત્માજીની હત્યા થઈ એ જ ચાર કલાકમાં આ ગીત લખાયું અને જે મો. રફીએ ગાયું જે રેડિયો સિલોન પરથી બીજે દિવસે સતત વાગતું રહ્યું 'સુનો સુનો અય દુનિયાવાલો બાપૂકી યે અમર કહાની, બોલો સબ જય જય ગાંધી અને એના બાદ કાર્યક્રમનું શિર્ષક 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે...' અને અંતમાં સૌએ એક સાથે ઊભા થઈ 'રઘુપતી રાઘવ રાજારામ, પતીત પાવન સીતારામની ધૂન લગાવી'.

કાર્યક્રમમાં મુકાયેલી ગાંધીજીની પ્રતિમાને સૌએ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પી... કાર્યક્રમ દરમિયાન રાંધેજા વિદ્યાપીઠનાં વિદ્યાર્થીઓ સતત રેંટીયો કાંતતા હતા. કાર્યક્રમમાં સૌ સ્વેચ્છાએ સફેદ વસ્ત્રોમાં, ખાદીનાં વસ્ત્રોમાં તો કોઈક ગાંધી ટોપીમાં આવીને ગાંધીજી પ્રત્યે એમનો પ્રેમ વ્યક્ત કરતાં હતા...

ગાંધીનગરના નામી સજ્જનો અને ગાંધીજીના ચાહકો મોટી સંખ્યામાં ગાંધીપ્રિય ગીતો સાંભળવા હાજર હતા. પ્રવેશદ્વારે મુકાયેલાં ગાંધી સાહિત્ય ચરખા, કિચેન, પેન અને પુસ્તકો માટે ધસારો હતો. ગૂજરાત વિદ્યાપીઠે પુસ્તકો પર ભારે છૂટ જાહેર કરતાં લોકોએ લેવાય એટલા પુસ્તકો અન્યોને ભેટ આપવા ખરીદી લીધાં હતા... ગાંધીજી અને ગાંધી વિચારો હજીયે લોકોમાં શાશ્વત છે એ તો આ કાર્યક્રમ જોઈએ ત્યારે જ ખબર પડે... 'કલાગુર્જરી'ના સૌ સભ્યો અને ગાંધીજીને સમર્પિત આ કાર્યક્રમના વિચારને અનેક વંદન.

# નયનાને બે વર્ષનો બાબો છે, તેના છૂટાછેડાનો કેસ અમદાવાદની નામ. હાઇકોર્ટમાં આખરી તબક્કામાં છે, પપ્પા તનમણીશંકરના આશીર્વાદ લઇને નીકળે છે, વરસાદનો માહોલ હોવાથી, વાતાવરણ ઠંડુ છે તેમજ મોડું થઇ ગયું હોવાથી ઉતાવળમાં નીચે ઉતરી રીક્ષા પકડે છે, કોઇ પણ વ્યક્તિ જયારે ઉતાવળમાં પહોંચવા માટે પ્રયત્ન કરે છે ત્યારે કંઇને કંઇ મુશ્કેલી આવે છે

## મિલન
### લઘુકથા
- નિરંજન ઓઝા

ભાવનગર શહેરમાં જૂનામાં જૂની બાર્ટન લાયબ્રેરી આવેલી છે તેની સામે બારશી મીલના માલિક વિદ્યુતરાય શેઠનું વિદ્યુત મેશન છે. જેના બીજે માળે તનમણીશંકર પરિવાર સાથે છેલ્લાં પંદરેક વર્ષથી નિવાસ કરે છે. પત્ની લાંબા સમયથી પથારી વશ છે. જયારે પુત્રી નયના, બી.એ. પસાર કરી, એમ.એ.ના પ્રથમ વર્ષમાં મહિલા કોલેજમાં અભ્યાસ કરે છે. નયના બી.એ. પુરૂ- કરે તે પહેલાં તેના લગ્ન, અમદાવાદના ડોકટર અમુલ ત્રિવેદી સાથે થઇ ગયા છે. નયનાને બે વર્ષનો બાબો છે. તેના છૂટાછેડાનો કેસ અમદાવાદની નામ. હાઇકોર્ટમાં આખરી તબક્કામાં છે. પપ્પા તનમણીશંકરના આશીર્વાદ લઇને નીકળે છે. વરસાદનો માહોલ હોવાથી, વાતાવરણ ઠંડુ છે તેમજ મોડું થઇ ગયું હોવાથી, ઉતાવળમાં નીચે ઉતરી રીક્ષા પકડે છે. કોઇ પણ વ્યક્તિ જયારે ઉતાવળમાં પહોંચવા માટે પ્રયત્ન કરે છે ત્યારે કંઇને કંઇ મુશ્કેલી આવે છે. તેવી જ રીતે નયનાની રીક્ષાને એક ટ્રકે વડવા પાસે ટક્કર મારતા નયના ઊથલી પડે છે. જયારે તેનો બે વર્ષના બાબાને માથામાં સખત વાગે છે. લોહી નીકળે છે, આજુબાજુ દવાખાનું છે કે નહિ તેની તપાસ કરતાં, ખૂબ જ નજીકમાં બાળકોના નિષ્ણાંત ડોકટર જમૈનનું દવાખાનું નજરે પડે છે, તે ત્યાં જાય છે. પરંતુ ડોકટર સાહેબ દવાખાનું બંધ કરી, નીચે ઉતરતાં હોય છે.

નયના ડોકટર સાહેબને ટ્રીટમેન્ટ શરૂ કરવા વિનંતી કરી છે. પરંતુ ડોકટર સાહેબ જ નરમાશથી અન્ય સ્થળે જવા જણાવે છે કારણ કે આજે તેમને ઘરે પહોંચવું ખૂબ જ જરૂરી છે. નયનાની વિનંતી તેમજ બાબાને થયેલ ઇજાથી, ડોકટર સાહેબ દવાખાનું ખોલે છે. ટ્રીટમેન્ટ શરૂ કરતાં પહેલાં તેની સાથેના કંપાઉન્ડરને નર્સને બોલાવી લેવાની સુચના આપે છે. નર્સને આવતાં વાર લાગતી નથી. તે દરમિયાન ટ્રીટમેન્ટ શરૂ થઇ જાય છે અને રાત્રીના ૧૨.૩૦ સુધી સારવાર ચાલે છે અને બાળક બચી જાય છે અને તેની માતા નયનાને જાણ કરે છે.

આટલી મોડી રાત્રે તેમજ આવા વરસાદી માહોલમાં એકલા બાળકને લઇને નીકળવાનું પ્રયોજન પુછતાં, નયના જણાવે છે કે આવતીકાલે અમદાવાદની નામ. હાઇકોર્ટમાં તેના છૂટાછેડા પ્રકરણનો આખરી ચુકાદો હોવાથી, ત્યાં જવા માટે નીકળી હતી. ડોકટર સાહેબે વિશેષ પ્રશ્ન નયનાને પુછતાં, નયના જણાવે છે કે હું પણ એક ડોકટરની પત્ની છું, અમારાં જન્મદિવસે અમે હોટલમાં જમવાનું અને ત્યારબાદ પિકચર જોવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. પરંતુ મારા ડોકટર પતિને તેઓ જયારે દવાખાનું બંધ કરીને ઘરે આવવાની તૈયારી કરતાં હતા ત્યારે જ એક વૃદ્ધ બહેન તેના એકના એક દીકરાંને બેભાન અવસ્થામાં લઇને આવ્યા હતા. મારા ડોકટર પતિએ ઘણું જણાવ્યું કે આજે મારે ઘરે ખૂબ જ અગત્યનું કામ છે તેથી જવું જરૂરી છે. પરંતુ વૃદ્ધ બહેને કહ્યું કે તમારી સિવાય મારાં પુત્રને કોઇ બચાવી શકે તેમ નથી તેથી આપના પગે પડું છું અને મારા પુત્રને બચાવો. આ સાંભળી મારા ડોકટર પતિએ માનવતાંની દૃષ્ટિએ ટ્રીટમેન્ટ શરૂ કરી અને તેનો જીવ બચાવ્યો હતો, પરંતુ ઘરે આવતાં મધરાત થઇ ગઇ હતી, ઘરે આવી તાળું જોયું, વોચમેનને પુછતાં જણાવ્યું કે મેડમ ખુબ જ ગુસ્સામાં હતા અને વહેલી સવારે ભાવનગર જવા નીકળી ગયા છે. ઘરે આવી, મેં લખેલ પત્ર વાંચ્યો તેમાં મેં લખ્યું હતું કે તમને તમારી પત્ની કરતા, વધારે પ્રેમ દર્દીઓ માટે છે તેથી તમે તમારાં દર્દીઓને સંભાળો.

આ સાંભળી ડોકટર જમૈન, નયનાને કહે છે કે તમારા જેવો જ પ્રશ્ન અમારો હતો. લગ્નને ત્રણ વર્ષ પુરાં થતાં હોવાથી અમે પણ આજે હોટલમાં જમવાનું તથા ત્યારબાદ પિકચર જોવાનો પ્રોગ્રામ રાખ્યો હતો પરંતુ અમારો પ્રોગ્રામ પણ ડીસ્ટર્બ થઇ ગયો, મને ચોક્કસ ખાતરી છે કે મારી પત્ની મને છોડીને નહિ જાય કારણ કે ડોકટરની ફરજ શું છે તે બરોબર જાણે છે. આગળ ડોકટર સાહેબ જણાવે છે કે, ભાભી તમે ખૂબ જ મોટી ભુલ કરી છે, તમારાં પતિ મારા ભાઇ થતા નથી પરંતુ, ડોકટરના નાતે તમારાં પતિ મારા મોટાભાઇની તુલનામાં છે, તેથી મેં તમને ભાભી કહ્યા છે તમારે આખરી ચુકાદા માટે અમદાવાદ જવું હોય તો જાવ, તમારા પુત્રનું ધ્યાન મારી પત્ની રાખશે તેની ચિંતા કરતા નહિ, આમ કહી નયનાને ઘરે લઇ જાય છે. જયાં તેમની પત્નીને આખી વાતથી વાકેફ કરે છે. નયના પણ ડોકટર સાહેબના પત્નીનો સ્વભાવ જાણી, પોતાના પુત્રને સોંપી, અમદાવાદ જવા રવાના થાય છે.

નામ. હાઇકોર્ટમાં નયનાને પોતાના ડોકટર પતિની મુલાકાત થાય છે તેની તબિયત જોઇ, ખૂબ જ પસ્તાવો થાય છે. બંનેની મુલાકાતમાં ડોકટર અમુલ જણાવે છે કે તમારાં ભાઇઓએ મારી ઉપર દહેજ, લાંચ વિગેરેના ખોટા આરોપો મુકી, મને ખૂબ જ હેરાન કર્યો છે, હવે 'હું' ડોકટરની પ્રેક્ટીશ પણ કરી શકતો નથી તેવી મારી પરિસ્થિતિ છે. નયના પોતાના ભાઇઓએ તેની જાણ વિના આવું કર્યું છે તે જાણી નયના ખૂબ જ પસ્તાવો કરે છે અને પોતાના ડોકટર પતિની માફી માંગે છે. પોતાના પુત્રને થયેલ અકસ્માત તેમજ ડોકટર સાહેબ કરેલ સારવારની જાણ કરે છે, હવે પોતાના ડોકટર પતિએ કરેલ માનવતાનું ઉત્તમ ઉદાહરણ બદલ ગર્વ થાય છે અને ઉતાવળમાં પોતે કરેલ ગૃહત્યાગનું દુઃખ થાય છે. આખરી ચુકાદો આવે તે પહેલાં બંને પક્ષના વકીલોને મળી, જો શક્ય હોય તો, કેસ પાછો ખેંચી લેવાય કે કેમ તે વિચારણાં કરવા, અથવા તો પાછો ખેંચી લેવા વિનંતી કરે છે જે બંને વકીલો સ્વીકારે છે અને કેસ પાછો ખેંચી લેવા અરજી કરી દે છે. ત્યારબાદ વિના વિલંબે ભાવનગર પોતાના પુત્ર પાસે પહોંચી જવાનું નયના - ડોકટર સાહેબે નક્કી કરતા, ભાવનગર તરફ પ્રયાણ કરે છે અને નાટકીય ઢબે પ્રશ્નનું આખરી નિરાકરણ 'મિલન'થી થાય છે.

# ગુજરાત ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચરલ ૨૦૧૪ ની કલમ ૭૦(એ)માં ગુજરાત હાઈકોર્ટે કરેલ સુધારા

## નવી શરતમાંથી જુની શરતમાં જમીન ફેરવાતા હજારો ખેડૂતોને લાભ મળશે

ટેનન્સી એકટની કલમ ૪૩ નો બાધ ઉભો કરીને અનેક જમીન માલિકોની જમીન ખાલસા કરવા કરવાના ગુજરાત સરકારના આદેશને ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં રદબાતલ જાહેર કરેલ છે.

ગુજરાત ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચરલ એકટ ૨૦૧૪ ના એપેન્ડમેન્ટની કલમ ૭૦(એ) ના મહત્વના કાયદાકિય પ્રશ્ન પર નિર્ણય કરીને જસ્ટીસ વી.એમ. સહાય અને જસ્ટીસ આર.પી. ઢોબરીયાની ખંડપીઠે હુકમ કરતા હજારો નવી શરતની જમીનના ખેડૂતોને રાહત મળશે.


પીટીશન કરનાર ખેડૂતોનું પ્રિમિયમ નવેસરથી નક્કી કરવા રાજય સરકારને આદેશ કર્યો છે જમીન માલિકોના નવી શરતની જામીનમાંથી જુની શરતમાં ફેરવવાના સીંગલ જજના ચુકાદાને પડકારતી ગુજરાત સરકારની અપીલ હાઈકોર્ટે ફગાવી ઓર્ડર કરેલ છે. હાઈકોર્ટના આ ચુકાદાથી છેલ્લા કેટલાક વર્ષોથી જમીન માલિકોની જમીનોને નવી શરતમાંથી જુની શરતમાં રૂપાંતર કરવાનો સ્પષ્ટ દિશાનિર્દેશ મળેલ છે.

હાઈકોર્ટે સરકારને પ્રવર્તમાન જોગવાઈ મુજબ જમીન માલિકોની જમીનનું પ્રિમિયમ નવેસરથી નક્કી કરીને જરૂરી ચલણ ભરી કરવા ૨૧ દિવસમાં જમીન માલિકોને પ્રિમિયમ જમા કરાવવા હુકમ કરેલ છે.

મામલતદારે ટેનન્સી એકટની કલમ ૪૩ નો બાધ દૂર કરીને જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપી હતી તેની સામે સરકારે વાંધો ઉઠાવીને જમીન ખાલસા કરવાનો આદેશ કર્યો હતો સુરત જીલ્લામાં ૫૦૦ થી વધારે કેસો હતા આવા જમીન માલિકોના વ્યવહારો અટકી ગયા હતા જેની સામે ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરવામાં આવતા સીંગલ જજે માલિકોની તરફેણમાં હુકમ કરતા તેની સામે સરકારે અપીલ કરતા ખેડૂતોને નીચલી કોર્ટના ચુકાદાને માન્ય ગણી સરકારને ૨૧ દિવસમાં જમીન માલિકોનું નવેસરથી પ્રિમિયમ નક્કી કરવા હુકમ કરેલ છે .

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



અગાઉ મુંબઈ ટેનન્સી એકટની કલમ ૭૦ (એ) હેઠળ જે કાયમી ગણોતીયો હોય તેમને પ્રિમિયમ ભરવામાંથી મુક્તી અને કલમ ૪૩ની શરતોનો બાધ ના નડે તે પ્રકારનો લાભ મળતો અને નવી શરતની જમીન આપોઆપ જુની શરતમાં વગર પ્રિમિયમે મામલતદાર ઠરાવ કરી કરી આપતા ખેડૂતોની અરજી સંદર્ભે મામલદાર કલમ ૪૩ ના નિયંત્રણો ઉઠાવી લઈને ખેડૂતોને લાભ આપતા હતા અને જમીન ખેડૂતો વેચાણ કરતા હતા જેની સામે સરકારે રીવીઝનમાં લઈ આવા વેચાણ અમાન્ય ગણી જમીન સરકાર હસ્તક કરવા હુકમ કરેલ તે સામે ખેડૂતોએ ગુજરાત હાઈકોર્ટમાં સીંગલ જજ સમક્ષ પીટીશન કરતા ખેડૂતોના તરફેણમાં હુકમ થતા સરકારેની અપીલ ફગાવી ગુજરાત ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચરલ લેન્ડ એકટ ૨૦૧૪ ની કલમ ૭૦ (એ) ની જોગવાઈ નવી ઉમેરાઈ છે તે મુજબ એક રૂપિયો પેનલ્ટી અને સરકાર પ્રિમિયમની રકમ જે નક્કી કરે તે સ્વીકારી વેચાણ વ્યવહાર કાયદેસર કરવાની ગુજરાત હાઈકોર્ટે રાજય સરકારને આદેશ કરી ૨૧ દિવસમાં નવેસરથી પ્રિમિયમ નક્કી કરી સ્વીકારી આવી જમીન ખેડૂતના અગાઉના વેચાણ વ્યવહારો કાયદેસર કરવા સૂચના આપેલ છે.

સદર હુકમથી રાજયના હજારો નવી શરતની જમીન ધારકોને ખેડૂતોને મોટી સહાય થયેલ છે તેમજ જુની નવી શરતની જમીન વેચાણ વ્યવહારને મંજૂરી મળતા ૫૦૦ થી વધારે જમીન માલિકોને રાહત મળી છે ગુજરાત હાઈકોર્ટે ખેડૂતોને ખરા અર્થમાં દિવાળી કરાવી છે.